# Nirma University
# Library Resource Centre

NIRMA UNIVERSITY
NAAC ACCREDITED 'A' GRADE

Publication: **Divya Bhaskar City** Edition: **Ahmedabad**
Date & Day: **29/03/2022 (Tues)** Page No: **01**

**PLACEMENT** નિરમા કેમ્પસ પ્લેસમેન્ટમાં ગત વર્ષ કરતા 90 ટકા વધારે પેકેજ ઓફર થયા

## IT/ITES કંપનીઓએ 8 સ્ટુડન્ટ્સને 23 લાખ પ્રતિ વર્ષનું પેકેજ ઓફર કર્યું

ITના 596 જેટલા સ્ટુડન્ટ્સને અને IMના 333 જેટલા સ્ટુડન્ટ્સને જોબ ઓફર મળી

અમદાવાદ | નિરમાના ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના અંડરગ્રેજ્યુએટ કોર્સના સ્ટુડન્ટ્સનું કેમ્પસ પ્લેસમેન્ટ યોજાયું હતું. જેમાં હાઈએસ્ટ પેકેજ યુકેની બ્લૂમબર્ગ કંપની દ્વારા INR 88.21 LPAનું આપવામાં આવ્યું હતું. ગયા વર્ષની સરખામણીએ આ વર્ષના પેકેજ 90% વધારે હતા. ગયા વર્ષે હાઈએસ્ટ પેકેડ INR 46.47 LPA હતું. જ્યારે MCA અને MTech માટે ઓફર કરાયેલા સૌથી વધુ પેકેડ અનુક્રમે INR 14.02 LPA અને INR 22.47 LPA છે. તેમજ BTechના સ્ટુડન્ટ્સ માટે INR 7.82 LPA, MCAનો INR 4.59 LPA અને MTechનો INR 8.87 LPA પેકેજ ઓફર કરાયા હતા. જે ગયા વર્ષના સરેરાશ પેકેજની સરખામણી ઘણા વધારે છે. કમ્પ્યુટર સાયન્સ અને એન્જિનિયરિંગ સ્ટ્રીમના અંડરગ્રેજ્યુએટ્સને સૌથી વધારે જોબ ઓફરો મળી હતી. આ વર્ષે યોજાયેલા પ્લેસમેન્ટ્સમાં 596 જેટલા સ્ટુડન્ટ્સને 124 કંપનીઓ પાસેથી જોબ ઓફર મળી હતી. જ્યારે ટોચના રિક્રૂટર્સમાં બ્લૂમબર્ગ યુકે, એમેઝોન, અમેરિકન એક્સપ્રેસ, ગોલ્ડમેન, મીડિયા.નેટ, એનવીડિયા, ક્વાલકોમ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ડોઇચા બેંક, ઝેડએસ એસોસિએટ્સ અને ફ્લિપકાર્ટ હતા. જેમાં સોફ્ટવેર ડેવલપર, સાઇટ રિલાયબિલિટી એન્જિનિયર, ગ્રેજ્યુએટ એન્જિનિયરિંગ ટ્રેઇની, કન્સલ્ટન્ટ, સપ્લાય ચેઇન મેનેજમેન્ટ જેવી પ્રોફાઇલ્સ કંપનીઓ દ્વારા ઓફર કરવામાં આવી હતી.

પ્લેસમેન્ટ અંગે વાત કરતા નિરમા યુનિવર્સિટીના ડાયરેક્ટર અનુપ કે સિંઘે જણાવ્યું હતું કે, 'કોવિડ પેન્ડેમિક બાદ યોજાયેલા કેમ્પસ પ્લેસમેન્ટમાં રિવેન્જ હાઈરિંગ થયું તેમ કહેવાય. રિવેન્જ હાઈરિંગ ટ્રેન્ડ આવનારા બે વર્ષ સુધી રહેશે.'